સંક્ષિપ્ત સમાચાર

બલાલકુવા ગામે જમીન વહેંચણીની અરજી બાબતે મારમારી

વાંકલ: ઉમરપાડાના બલાલકુવાના વચલા ફળિયામાં રહેતાં બિજેન્દ્ર અરવિંદભાઈ વસાવા પરિવારની સહિયારી જમીન વહેંચણી બાબતે ઉમરપાડા પોલીસમથકે અરજી આપી હતી. આ અદાવતમાં મનહર અનવર વસાવાએ હાથમાં રહેલી લાકડીના સપાટા મારી દીધા હતા. મારા પિતા વિરુદ્ધ અરજી કેમ આપી એમ કહી નિકુંજભાઈ મહેશભાઈ વસાવા ઘરે જઈ નાલાયક ગાળો આપી બિજેન્દ્ર વસાવાના માથાના હાથના લાકડીના ફટકા મારી પીઠના ભાગે ત્રણ ચાર સપાટા મારી દીધા હતા. કુંતાબેને નાલાયક ગાળો આપી માર માર્યો હતો. નિકુંજભાઈએ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગેની ફરિયાદ બિજેન્દ્ર વસાવાએ તેઓની વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ઉમરપાડા પોલીસ વધુ તપાસ હાથ ધરી છે.

ભાદોલ નજીક કારની ટક્કરે એકનું મોત

કીમ: શનિવારે સાંજે ઓલપાડના વડોલી સર્કલ તરફથી ભાદોલ ગામ તરફ જતા રોડ પર ખોડિયાર ફાર્મ હાઉસની આગળ એક ઇકો સ્પોર્ટ કાર (નં. GJ 21 CA 9938) ના ચાલકે પૂરઝડપે અને બેદરકારીપૂર્વક વાહન હંકારી સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવતા સામે આવી રહેલી મોટરસાઈકલ (નં. GJ 05 PT 0874) સાથે અથડામણ કરી હતી. આ અકસ્માતમાં મોટરસાઈકલ ચાલક ખુમાનસિંહ લલ્લુભાઈ પટેલ (ઉ.વ.૬૫, રહે., ભાદોલ ગામ) ને ઇજાઓ પહોંચી હતી. જ્યારે તેમના સાથે રહેલા કાલિદાસભાઈ છનાભાઈ રાઠોડનું ગંભીર ઇજાઓ થતાં મોત નીપજ્યું હતું. કીમ પોલીસે ગુનો નોંધી કારચાલકની તપાસ હાથ ધરી છે.

નિઝરના કોઠલી ગામે દીપડાએ બકરીનો શિકાર કર્યો

કુકરમુંડા: નિઝરના કોઠલી ગામે પ્રતાપભાઈ લક્ષ્મણભાઈની પાલતું બકરી પર દીપડાએ હુમલો કર્યો હોવાનો બનાવ સામે આવ્યો છે, જેના કારણે ગ્રામજનોમાં ભયનો માહોલ ફેલાયો છે. પશુપાલક બકરીઓને ચરાવીને ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે ખેતરાડી વિસ્તારમાં દીપડાએ હુમલો કર્યો હતો. શોધખોળ દરમિયાન ગામે જુવારના ખેતરમાં બકરી ફાડી ખાધેલી હાલતમાં મૃત હાલતમાં મળી આવી હતી. આ બનાવને લઈ ગ્રામજનોએ વન વિભાગને તાત્કાલિક જાણ કરવાની માંગ ઉઠાવી છે તેમજ દીપડાને પકડવા માટે પગલાં લેવા અપીલ કરી છે.

ઓલપાડના કારેલીમાં યુપીવાસી શ્રમિકે ફાંસો ખાધો

સાયણ: મૂળ ઉત્તરપ્રદેશના કાનપુર જિલ્લાનો શ્રમિક યુવાન રામસરન હિરામન નિસાહ (ઉ.વ.૨૨) હાલમાં ઓલપાડના કારેલી ગામે આવેલા ક્રિષ્ના ટેક્સટાઇલના સનસાઇન ઇન્ડસ્ટ્રીઝ વિભાગ- ૦૨ના લેબર રૂમ-૨ માં રહી ત્યાં કામ કરતો હતો. તેણે શુક્રવારે રૂમમાં જ પંખા સાથે કાપડનો ટુકડો બાંધી ફાંસો ખાઇ લીધો હતો.

મુળદની નહેરમાં ડૂબી જવાથી અજાણ્યાનું મોત

કીમ: ઓલપાડના મુળદ ગામે આવેલી કર્મયોગ સોસાયટીની સામેથી પસાર થતી નહેરના પાણીમાં એક અજાણ્યા યુવકનું ડૂબી જવાથી મોત થયું હતું. અંદાજે ૨૫ થી ૩૦ વર્ષની વયના યુવાનનો મૃતદેહ મળી આવતા કીમ પોલીસે તેની ઓળખની કાર્યવાહી શરૂ કરી છે.

કડોદરાની શિરવી મેડિકલમાંથી નશાકારક સીરપ મળી આવી

પલસાણા: સુરત જિલ્લા SOG પોલીસે કડોદરા જીઆઇડીસીમાંથી નશાકારક સીરપનો જથ્થો ઝડપી પાડ્યો છે. એસ.ઓ.જી.ની ટીમને સોનીપાર્ક સ્થિત 'શિરવી મેડિકલ સ્ટોર'માં ડોક્ટરના પ્રિસ્ક્રિપ્શન વગર નશાકારક સીરપનું વેચાણ થઈ રહ્યું હોવાની બાતમી મળતા પોલીસે ફૂડ એન્ડ ડ્રગ્સ ઇન્સ્પેક્ટર જી.યુ. ઉપાધ્યાયને સાથે રાખી મેડિકલ સ્ટોર પર દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન સ્ટોરમાંથી કોઈ પણ પ્રિસ્ક્રિપ્શન વગર વેચવામાં આવતી નશાકારક સીરપ 'રેક્સલે-ટી' (100 ML) ની 4 બોટલો મળી આવી હતી. પોલીસે શિરવી મેડિકલના સંચાલક કુલચંદ માંગીલાલ શિરવી (ઉ.વ. 30, રહે. નીલકંઠ સોસાયટી, તાતીથૈયા, મૂળ રહે. રાજસ્થાન)ની અટક કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ભાડાના ફાર્મ હાઉસમાં જુગાર ધામ

કામરેજના મોરથાણા ગામે મારબેલા ફાર્મ હાઉસમાં સુરત ગ્રામ્ય LCBનો દરોડો

સુરતના 30 પત્તેબાજ સહિત રોકડા, 33 મોબાઈલ, 9 વાહન મળી 30 લાખની મતા કબજે

લાલો ઈંટવાલા અને ઝાફર શેખે ફાર્મ હાઉસ ભાડે રાખી ક્લબ શરૂ કરી હતી

પલસાણા: કામરેજ તાલુકાના મોરથાણા ગામની સીમમાં આવેલા જાણીતા 'મા રબેલા ફાર્મ હાઉસ'માં ચાલતા એક હાઈપ્રોફાઈલ જુગારધામ પર સુરત ગ્રામ્ય એલ.સી.બી (LCB) અને પેરોલ ફર્લો સ્ક્વોડે સંયુક્ત દરોડો પાડ્યો હતો. આ કાર્યવાહીમાં પોલીસે સ્થળ પરથી ૩૦ ઈસમની ધરપકડ કરી લાખોનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

ઈમરાન ઉર્ફે લાલો ઈંટવાલા અને ઝાફર રઝાક શેખ નામના શખ્સોએ આ ફાર્મ હાઉસ ભાડે રાખીને બહારથી માણસો બોલાવી જુગારનો અડ્ડો શરૂ કર્યો હતો. પોલીસે ઘટનાસ્થળેથી કુલ ૨૯.૮૫ લાખથી વધુની મત્તા કબજે કરી છે. જેમાં ૪.૨૫ લાખ રોકડા, ૩.૧૦ લાખની કિંમતના ૩૩ મોબાઈલ ફોન અને આશરે ૨૨.૫૦ લાખની કિંમતના ૯ વાહનો (કાર, રિક્ષા અને મોપેડ)નો સમાવેશ થાય છે. ઝડપાયેલા મોટાભાગના આરોપીઓ સુરત શહેરના નાનપુરા, લિંબાયત, ઉધના અને સગરામપુરા વિસ્તારના હોવાનું ખુલ્યું છે. તપાસમાં એ પણ સામે આવ્યું છે કે પકડાયેલા કેટલાક શખ્સો અગાઉ પણ આવા ગુનાઓમાં સંડોવાયેલા છે. સંચાલક ઈમરાન ઈંટવાલા સહિત બે શખ્સને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

જુગારધામમાં ઝડપાયેલા ૩૦ આરોપી

૦૧. ઝાફર રઝાક શેખ (રહે. ભીંડી બજાર, ઉન) **૦૨.** મોહમદહુસેન અઝીઝભાઇ શેખ (રહે. શાસ્ત્રીચોક, લિંબાયત) **03.** મોહમદ કાસીમ પીર મોહમદ શેખ (રહે. નાનપુરા) **૦૪.** મોહમદ હનીફ ઉર્ફે રાજુ અબુ બાગવાન (રહે. શિવાજીનગર, લિંબાયત) **૦૫.** મોહમદ ઇબ્રાહીમ કમરૂદીન શેખ (રહે. જમાલશા મોહલ્લો, નાનપુરા) **૦૬.** મોહશીન અબ્દુલ મજીદ શેખ (રહે. જવાહર મહોલ્લો, લિંબાયત) **૦૭.** હિદાયત તુલ્લા હબીબબુલ્લા બનારસી (રહે. નાનપુરા) **૦૮.** મોહમદ તોસીફ હનીફ શેખ (રહે. ઉધનાયાર્ડ, શાસ્ત્રી ચોક) **૦૯.** અસ્લમ ઇકબાલ શેખ (રહે. નવો મહોલ્લો, નાનપુરા) **૧૦.** અબરાર અબુબકર શેખ (રહે. શાસ્ત્રી ચોક, લિંબાયત) **૧૧.** નાશીખ મોહમદ હનીફ શેખ (રહે. મયુર સિનેમા પાસે, લિંબાયત) **૧૨.** વિજયભાઇ બાકેલાલ ગુપ્તા (રહે. શિવહીરા નગર, નવાગામ) **૧૩.** નદીમ હુસેન ઝાકીર હુસેન શેખ (રહે. ખંડેરાપુરા, નાનપુરા) **૧૪.** દાઉદ સલીમ મન્સુરી (રહે. ઇચ્છાબા સોસાયટી, લિંબાયત) **૧૫.** કયુમ સતાર શા (રહે. કાદરશાની નાળ, નાનપુરા) **૧૬.** ઇદરીશ સાફીઉદીન કાઝી (રહે. મીઠી ખાડી, લિંબાયત) **૧૭.** સકીલ અક્રમ મન્સુરી (રહે. શાસ્ત્રીચોક, લિંબાયત) **૧૮.** મોહમદ જુનેદ ગુલામકાદર શેખ (રહે. બનારસી મોહલ્લો, નાનપુરા) **૧૯.** ઇનાયતુલ્લાહ હબીબુલ્લા બનારશી (રહે. જમાલશાહ મોહલ્લા, નાનપુરા) **૨૦.** મોહમદઆસીફ મોહમદસબીર શેખ (રહે. રૂદરપુરા, નાનપુરા) **૨૧.** નઇમ નુરમોહમદખાન પઠાણ (રહે. અલ-નુર રેસિડેન્સી, ઉધના) **૨૨.** સરીફખાન અઝીઝખાન પઠાણ (રહે. જમાલશા મોહલ્લો, નાનપુરા) **૨૩.** અબ્દુલ રહીમ ઐયુબ અહેમદ પટેલ (રહે. ફારૂક મંઝીલ, લિંબાયત) **૨૪.** ઇરફાન ઇકબાલ રાજ (રહે. પદમાવતી સોસાયટી, લિંબાયત) **૨૫.** સબીરહુસેન ઉર્ફે અલ્લુ ગુલામહેદર શેખ (રહે. નાનપુરા) **૨૬.** તોફીકમહમદ અજગર સૈયદ (રહે. ખોપચી વાડ, સગરામપુરા) **૨૭.** શાહબાઝ સઇદખાન પઠાણ (રહે. ચાંદસુબેદાર સ્ટ્રીટ, નાનપુરા) **૨૮.** મોહમંદ અફતાર મોહમંદ આરીફ શેખ (રહે. હબીબશા સ્ટ્રીટ, નાનપુરા) **૨૯.** મોહમદસાઇદ મોહમદહનીફ બોકસાવાલા (રહે. મક્કા પેલેસ, સગરામપુરા) **૩૦.** આશીફ કુતબુદીન શેખ (રહે. કાદરશાની નાળ, નાનપુરા)

'ગ્રાહકોને ઓછું અનાજ આપો છો' કહી 21 હજારની માંગરી

પત્રકાર હોવાની ઓળખ આપનાર મહિલા સહિત ત્રણની ડોલવણ પોલીસે ધરપકડ કરી

વ્યારા: તાપીના ડોલવણના પીઠદરા ગામે સસ્તા અનાજની દુકાનના સંચાલકને એક મહિલા સહિત ત્રણ શખ્સે પત્રકારો હોવાની ઓળખ આપી ઓછું અનાજ આપો છો કહી વિડીયો બનાવી ઈલેક્ટ્રોનિક મીડિયામાં વાયરલ કરવાની ધમકી આપી 21 હજારની માંગણી કરતાં ઝડપાયા હતા.

મળતી માહિતી મુજબ ગત તારીખ 04-04-2026 ના રોજ આરોપી નરેન્દ્ર મદનમોહન સિંહ (ઉં.વ.59, રહે., ભેસ્તાન સુંદરમ રેસિડન્સી એ-2, 307, સુરત, મૂળ ભૈસા, બરાબનપુર છાવણી, જિ. જોનપુર (યુ.પી), સપનાસિંઘ W/O ઉપેન્દ્રસિંઘ રાજપૂત (ઉં.વ.33, રહે., 671, ગોડાદરા પ્રિયંકા નગર, સુરત, મૂળ સુલ્તાનપુર, જિ. પ્રતાપગઢ (યુ.પી), હિરેન વસંતલાલ મહેતા (ઉં.વ.45 રહે., જી.એ. રવિરાજ એપાર્ટમેન્ટ, કૈલાસનગર, મજૂરાગેટ, સુરત) ડોલવણના પીઠદરા ગામે દાદરી ફળિયામાં સસ્તા અનાજની દુકાનમાં પહોંચી ત્રણેય શખ્સોએ પત્રકાર હોવાની ઓળખ આપી ગ્રાહકને વજન કરતાં ઓછું અનાજ કેમ આપો છો કહી રૂપિયા 21 હજારની બળજબરીપૂર્વક માંગણી કરી નહીં આપો તો વિડીયો બનાવી ઈલેક્ટ્રોનિક મીડિયામાં વાયરલ કરવાની ધમકી આપતા દુકાન સંચાલકોના પૌત્ર પિયુષ ગામીતે ડોલવણ પોલીસને જાણ કરતાં પોલીસે તાત્કાલિક સ્થળ પર પહોંચી 33 વર્ષીય મહિલા સહિત ત્રણેય શખ્સની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ઝીંગા તળાવ ચલાવતા પ્રદીપ નાવિક પર દાંડી ગામે હુમલો

સ્મશાન ટ્રસ્ટના વિકાસ બાબતે માઈક ઉપર ભાષણ કરી રહ્યા હતાં ત્યારે હુમલો કરાયો

સ્મશાન ટ્રસ્ટની વાત કરી છે તો ટાંટિયા તોડી નાંખીશું તેવી ધમકી પણ આપી

સાયણ: ઓલપાડના દાંડી ગામના અને હાલમાં સુરતના અડાજણ પાટિયા પાસે રાંદેર રોડની સુગમ સોસાયટીનાં મ.નં.૧૧ માં પ્રદિપભાઈ રતિલાલ નાવિક (ઉ.વ.૬૪) રહી ઝિંગાનો વેપાર કરે છે. ગત તા.૦૨ ના રોજ હનુમાન જયંતીનો તહેવાર હોવાથી પ્રદિપભાઈ વતનના દાંડી ગામે હનુમાનજી મંદિરે દર્શન કરવા માટે જઈ રહ્યા હતા. પ્રદિપભાઈ મંદિરે પહોંચે તે પહેલાં ગામના અખિલેશ ખલાસીએ તેમને મોબાઈલ ઉપર ફોન કર્યો હતો કે, આપણા ગામના સ્મશાન ટ્રસ્ટના વિકાસની કાર્યવાહી માટે ચેરિટી કમિશનરે ગામના સરપંચનો દાખલો અને ગ્રામસભાના ઠરાવ માંગ્યો હોવાથી બન્ને નકલની જરૂર છે. જેથી પ્રદિપભાઈએ ગામના સરપંચ પરેશભાઈને ફોન કરતાં તેણે કહ્યું હતું કે, આપણે હનુમાન મંદિરે ભેગા થઈએ અને આ બાબતે ચર્ચા કરીશું. પરંતુ ત્યાં સરપંચ હાજર રહ્યા ન હતાં. જો કે હનુમાન જયંતી પ્રસંગે પ્રદિપભાઈએ જાહેરમાં માઈક ઉપર સ્મશાનના વિકાસલક્ષી કાર્યો વિશે બોલવાનું શરૂ કર્યું હતું. ત્યારે ત્યાં હાજર ગામના ઢોલા ફળિયામાં રહેતો રોહન ઉત્તમ ખલાસી ત્યાં ધસી આવ્યો હતો અને 'ગામમાં વિકાસના કામો નહીં થવા દઉં' તેમ કહી પ્રદિપભાઈ ઉપર હુમલો કરી ઝપાઝપી કરી હતી. અને જ્યારે ગામના જ દર્શન ભરત ખલાસીએ પ્રદિપભાઈના હાથમાંથી માઈક ઝૂંટવી લીધું હતું અને તેમનો કોલર પકડી ઝપાઝપી કરી ઢીક્કા-મુક્કીનો માર મારી ભાગી જતી વખતે ધમકી આપી હતી કે, 'જો હવે પછી સ્મશાન ટ્રસ્ટની વાત કરી છે, તો તારા ટાંટિયા ભાંગી નાખીશું અને જાનથી મારી નાખીશું.' તેવી ધમકી આપી હતી. આ બબાલ બાદ ગામના અગ્રણીઓ વચ્ચે પડી બંન્ને જૂથ સાથે સમાધાનના પ્રયાસો હાથ ધરાયા હતા, પરંતુ કોઇ નિવેડો ન આવતા અંતે પ્રદિપભાઈએ હુમલો કરનાર બંન્ને શખ્સો વિરુદ્ધ ઓલપાડ પોલીસમથકમાં ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

નશામાં ધૂત કારચાલકે મહિલાને અડફેટે લેતાં વાતાવરણ ગરમાયું

બારડોલી-મહુવા રોડ પર સર્જાયો અકસ્માત, પોલીસે કારમાં સવાર ત્રણની અટકાયત કરી

બારડોલી: બારડોલી-મહુવા રોડ પર રવિવારે મોડી સાંજે બમરોલી ગામની સીમમાં નશામાં ચકચૂર કારચાલકે અકસ્માત સર્જતા ચકચાર મચી ગઈ હતી. પૂરઝડપે જતી એક વોક્સવેગન કારે આગળ જતી મોપેડસવાર મહિલાને જોરદાર ટક્કર મારી હતી. સદનસીબે આ ઘટનામાં મોટી જાનહાનિ ટળી હતી.

ઘટનાની વિગતો મુજબ, બારડોલીથી મહુવા તરફ જઈ રહેલી વોક્સવેગન કાર (નં. જીજે ૦૩ જેએલ ૮૨૦૯) ના ચાલકે બમરોલી બસ સ્ટેન્ડ નજીક ગફલતભરી રીતે હંકારી પોતાની આગળ જતી પ્લેઝર મોપેડને અડફેટે લીધી હતી. અકસ્માત સર્જાતા જ આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા અને વાતાવરણ ગરમાયું હતું. લોકોએ તાત્કાલિક બારડોલી રૂરલ પોલીસને જાણ કરતાં પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસ તપાસમાં ચોંકાવનારી વિગત સામે આવી હતી કે કારમાં સવાર તમામ ત્રણેય શખ્સ નશાની હાલતમાં હતા. પોલીસે કારચાલક જયસુખ ગભરુ પટેલ (રહે., કઠોદરા, તા. કામરેજ) તેમજ તેની સાથે સવાર ધીરુ હરિ નેર (રહે., ગોડાધરા, સુરત) અને સંજય નારણ સોજીત્રા (રહે., કાપોદ્રા, સુરત) ની અટકાયત કરી હતી. અકસ્માત બાદ ભયભીત થયેલી મોપેડસવાર મહિલા પોતાનું વાહન લઈને ત્યાંથી નીકળી ગઈ હતી. પોલીસે નશામાં ધૂત ત્રણેય શખ્સને પોલીસમથકે લઈ જઈ એએસઆઈ જયદેવ બળદાએ તેઓની વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગડખોલ બ્રિજ પર લાઈટના અભાવે અકસ્માત, યુવકનું મોત

અંકલેશ્વર: અંકલેશ્વરમાં ગડખોલ પાટિયા ઓવરબ્રિજ પર સ્ટ્રીટ લાઈટના અભાવે સર્જાયેલા અંધકાર વચ્ચે પૂરઝડપે જતી બાઈક ડિવાઈડર સાથે ધડાકાભેર અથડાતા 23 વર્ષીય યુવાનનું મોત નીપજ્યું હતું.

નવાબોરભાઠા ગામના સંદીપ રાઠોડ (ઉં.વ.23) ગડખોલ ઓવરબ્રિજ પરથી બાઈક લઈને પસાર થઈ રહ્યો હતો ત્યારે બ્રિજ પર પૂરતા પ્રકાશના અભાવે રસ્તો સ્પષ્ટ ન દેખાતા બાઈક ડિવાઈડર સાથે અથડાઈ ગઈ હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે સંદીપને માથા તથા શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેનું સ્થળ પર જ મોત થયું હતું. બનાવની જાણ થતા જ એ-ડિવિઝન પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી મૃતદેહને કબજે લઈ પોસ્ટમોર્ટમ અર્થે ખસેડ્યો હતો તથા અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. અત્રે નોંધનીય છે કે ગડખોલ ઓવરબ્રિજ પર લાંબા સમયથી સ્ટ્રીટ લાઈટ બંધ હોવાની સ્થાનિકોમાં ફરિયાદ છે. પ્રકાશ વ્યવસ્થાના અભાવે અકસ્માતોની શક્યતા વધી રહી હોવા છતાં તંત્ર દ્વારા યોગ્ય પગલાં ન લેવાતા વધુ એક આશાસ્પદ યુવાનનો જીવ ગુમાવવાનો વારો આવ્યો છે.

પત્નીને જોવા આવ્યો હોવાની શંકામાં યુવક પર હુમલો

સોનગઢના રામપુરામાં થયેલા હુમલામાં યુવક ઘાયલ, ખેતરમાં મકાનના બાંધકામ માટે મજૂરો શોધવા યુવક આવ્યો હતો, પોલીસે પતિ સામે ગુનો નોંધ્યો

સોનગઢ: સોનગઢના રામપુરા (કાનાદેવી) ગામે 'તું મારી પત્નીને જોવા માટે કેમ મારી દુકાન સામે આવે છે?' તેવી શંકા રાખી એક યુવક પર પથ્થર વડે હુમલો કરી તેને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી છે.

મળતી માહિતી અનુસાર, રાહુલભાઈ રમણભાઈ ગામીત (ઉં.વ.૩૦), જેઓ સોનગઢ પોલીસ સ્ટેશનમાં જી.આર.ડી (GRD) તરીકે ફરજ બજાવે છે. તા. ૦૪/૦૪/૨૦૨૬ના રોજ રાત્રિના આશરે સવા આઠ વાગ્યાના સુમારે તેઓ પોતાના ખેતરમાં બની રહેલા નવા મકાન માટે વધારાના મજૂરોની શોધમાં મોટરસાઈકલ પર સવાર થઈને ગામના દાદરી ફળિયામાં આવેલા સુનિલભાઈ સુરેશભાઈ ગામીતની દુકાન પાસે ગયા હતા. રાહુલભાઈ જ્યારે દુકાન પાસે ઉભેલા અન્ય એક યુવક અભિષેક ઉર્ફે મુન્ના સાથે મજૂરીકામ બાબતે વાતચીત કરી રહ્યા હતા, ત્યારે દુકાનદાર સુનિલભાઈ ગામીત અચાનક બહાર આવ્યા હતા. તેમણે રાહુલભાઈ પર પોતાની પત્નીને જોતા હોવાનો આક્ષેપ કરી પથ્થર ઉઠાવી રાહુલભાઈના માથાના પાછળના ભાગે ઝીંકી દીધો હતો. હુમલા દરમિયાન ત્યાં હાજર સાક્ષીઓએ વચ્ચે પડીને હુમલાખોરને પકડી લીધો હતો. આ સમયે પણ આરોપીએ ધમકી આપતા કહ્યું હતું કે, "આજે તો તું બચી ગયો છે, પણ બીજી વાર તને જીવતો નહીં છોડું". લોહીલુહાણ હાલતમાં રાહુલભાઈને સોનગઢ સરકારી દવાખાને ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમને માથાના ભાગે ૬ ટાંકા આવ્યા હતા. જે અંગે ની ફરિયાદના આધારે સોનગઢ પોલીસે આ મામલે આરોપી સુનિલભાઈ સુરેશભાઈ ગામીત વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ભરૂચના શાલીમાર કોમ્પ્લેક્સની યુકો બેંકમાં ભીષણ આગ લાગી

રવિવારની રજા હોય સદનસીબે મોટી જાનહાનિ ટળી

ભરૂચ: ભરૂચ શહેરના શાલીમાર કોમ્પ્લેક્સમાં રવિવારે યુકો બેંકમાં આગ લાગવાની ઘટના બની છે. સ્માર્ટ બજાર નજીક આવેલા આ કોમ્પ્લેક્સમાં લાગેલી આગે થોડા જ સમયમાં વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. રવિવારની રજા હોવાને કારણે બેંક બંધ હતી. આગ લાગતાં આસપાસના વેપારીઓમાં ચિંતાનો માહોલ છવાઈ ગયો હતો. આગનો ધુમાડો દૂરથી જોવા મળતાં મોટી સંખ્યામાં લોકો ઘટનાસ્થળે એકઠા થઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી. ફાયરકર્મીઓએ આગ પર કાબૂ મેળવવા માટે કામગીરી શરૂ કરી દીધી હતી. આગ કોમ્પ્લેક્સના ઉપરના માળે આવેલી બેંકમાં લાગી હોવાથી નીચેની દુકાનો સુધી તે ફેલાવાનો ભય ઉત્પન્ન થયો હતો. સદનસીબે રજાનો દિવસ હોવાથી કોઈ જાનહાનિ થઈ નથી.

પ્રવીણ તેરૈયા

હાંસોટના સોની ફળિયામાં મકાનમાં આગ લાગી

અંકલેશ્વર, ભરૂચ: હાંસોટ ટાઉનના સોની ફળિયા વિસ્તારમાં આવેલા એક રહેણાંક મકાનમાં અચાનક આગ ફાટી નીકળતા વિસ્તારમાં દોડધામ અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. મકાનમાં ઇલેક્ટ્રિકલ શોર્ટ સર્કિટના કારણે આગ ભભૂકી ઊઠી હોવાનુ સામે આવ્યું છે. આગ ઝડપથી ફેલાતાં મકાનમાંથી ધુમાડાના ગોટેગોટા બહાર નીકળતા જોવા મળ્યા હતા. ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકોએ તાત્કાલિક ફાયર બ્રિગેડને જાણ કરી હતી. માહિતી મળતા જ અંકલેશ્વર નગરપાલિકાની ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી. સોની ફળીયાની સાંકડી ગલીઓમાં ફાયર ફાઇટરોને ઘટનાસ્થળે પહોંચવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. છતાં પણ ફાયર કર્મચારીઓએ કુશળતા અને સતર્કતા દાખવી આગને વધુ ફેલાતી અટકાવી કાબૂમાં લીધી હતી. સદનસીબે જાનહાનિ નોંધાઇ નથી, જોકે મકાનમાં ઘરગથ્થુ સામાનને નુકસાન પહોંચ્યું હોવાનું જાણવા મળે છે.

જંબુસરમાં કિરણસિંહ મકવાણાનો ભાજપ છોડી ફરી કોંગ્રેસમાં

દરેક ઠેકાણે અમારી સતત અવગણના કરવામાં આવી: કિરણસિંહ

કોંગ્રેસ કાર્યાલયે ગયા ત્યારે તેમને પ્રવેશ મળ્યો ન હોવાની વાત ખોટી ગણાવી

ભરૂચ: જંબુસર તાલુકામાં સ્થાનિક સ્વરાજ્યની આવનારી ચૂંટણીને લઈ રાજકીય માહોલમાં હવે પ્રવાહી સ્થિતિ સર્જાઈ છે. ચૂંટણી પૂર્વે જ જંબુસરના પૂર્વ ધારાસભ્ય કિરણસિંહ મકવાણાએ ભાજપ છોડીને કોંગ્રેસમાં પુનઃ 'ઘરવાપસી' કરવાનો નિર્ણય લીધો છે. હાલમાં તેઓ પ્રદેશ કોંગ્રેસ કાર્યાલયમાં ગયા હતા અને આગામી સમયમાં જંબુસરમાં કાર્યક્રમ યોજીને પોતાના કાર્યકરો સાથે જોડાવાનું નક્કી કર્યું છે.

ઉલ્લેખનીય છે કે કિરણસિંહ મકવાણા વર્ષ 2007માં કોંગ્રેસના ટિકિટ પર ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા. ત્યારબાદ વર્ષ 2017માં તેમણે કોંગ્રેસ છોડી ભાજપમાં જોડાયા હતા. ભાજપમાં જોડાયા બાદ તેમને અપેક્ષિત માન-સન્માન ન મળતાં તેઓ નારાજ ચાલી રહ્યા હતા. મકવાણાએ જણાવ્યું કે, "અમે વર્ષ 2022માં ડી.કે. સ્વામીને સંપૂર્ણ તૈયારી સાથે જીતાડ્યા હતા, પરંતુ ત્યારબાદ દરેક ઠેકાણે અમારી સતત અવગણના કરવામાં આવી. જેના કારણે અમે કોંગ્રેસમાં પ્રવેશ કરવાનો નિર્ણય લીધો."

આ બાબતે ચર્ચા હતી કે તેઓ પ્રદેશ કોંગ્રેસ કાર્યાલયે ગયા ત્યારે તેમને પ્રવેશ નહોતો મળ્યો. જોકે, કિરણસિંહ મકવાણાએ આ વાતનું ખંડન કરતાં કહ્યું કે આ વાત ખોટી છે. તેમણે સ્પષ્ટતા કરી કે, "પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા સાથે ચર્ચા કરી હતી. મેં તેમને કહ્યું કે હું નારાજ કાર્યકરોને સાથે લઈને ન ગયા હતા. તેથી આગામી દિવસોમાં જંબુસરમાં એક કાર્યક્રમ યોજીને જોડાવાનો નિર્ણય લેવાયો છે."

હાલ જંબુસરના રાજકારણમાં મકવાણાના આ નિર્ણયને કારણે તમામ પક્ષોમાં હલચલ મચી ગઈ છે. આવનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ હવે રાજકીય સમીકરણો બદલાતા જોવા મળી રહ્યા છે.

હલધરૂમાં પુત્ર સાથે બોલાચાલી બાદ પિતાએ ફાંસો ખાધો

કરિયાણું લાવવા રૂપિયા નહીં આપતા બંને વચ્ચે બોલાચાલી થઈ હતી

કામરેજ: હલધરૂમાં રહેતા વૃદ્ધે ઘરના ધાબા પર જઈ ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી.

મળતી માહિતી મુજબ મૂળ મહારાષ્ટ્રના જલગાંવના બાદશરપીપળી ગામના વતની અને હાલ કામરેજના હલધરૂ ગામે ગ્રીનપાર્ક સોસાયટી વિભાગ-2માં મકાન નંબર 309માં નાથુભાઈ દોલતભાઈ સોનવણે (ઉં.વ.70) રહેતા હતાં. તેમના પુત્રનું હીરામાં કામ બંધ હોવાથી ચાર મહિનાથી તે બેકાર હતાં. જેના કારણે ઘરમાં કંકાસ થતો હતો. શનિવારે નાથુભાઈએ કરિયાણાનો સામાન લાવવા રૂપિયા માંગતા રૂપિયા નહીં હોવાથી બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. પુત્ર ઘરે પરત આવ્યો ત્યારે ધાબા પર તપાસ કરતાં તેમની ફાંસો ખાધેલી હાલતમાં લાશ મળી આવી હતી.

તિલકવાડાના ભાદરવા ગામે 10 રૂપિયા નહીં આપતા હત્યા

ગળાના ભાગે લાતો મારી મોત નીપજાવ્યું, આરોપીની ધરપકડ

નર્મદા: આજના જમાનામાં 10 રૂપિયાની કોઈ ખાસ કિંમત રહી નથી ત્યારે માત્ર 10 રૂપિયા જેટલી નજીવી કિંમત ન આપતા એક યુવાને હત્યા કરી નાંખી હતી અને તે પણ એવા વ્યક્તિની હત્યા કરી છે કે જે પેરાલીસીસ હતો.

પોલીસ પાસેથી મળતી માહિતી અનુસાર નર્મદા જિલ્લાના તિલકવાડાના ભાદરવા ગામે રહેતા 41 વર્ષીય રાજેશ ધનજીભાઈ તડવી જેવો ભાદરવા ગામના સ્ટેન્ડ નજીક દુકાનેથી સામાન લઈ ઘર તરફ જતાં હતા, તે દરમિયાન આરોપી ધર્મેન્દ્ર ગણપતભાઈ તડવી ત્યાં આવ્યો અને તેણે રાજેશ તડવી પાસે 10 રૂપિયા માંગ્યા પરંતુ રાજેશ તડવીએ રૂપિયાના આપ્યા. જેથી ગુસ્સે થયેલા ધર્મેન્દ્ર તડવીએ રાજેશ તડવીને આર.સી.સી રોડ પર પાડી છાતીના ભાગે અને ગળાના ભાગે લાતો મારી ગળા ઉપર પગ મૂકી ગળું દબાવીને રાજેશ તડવી મોતને ઘાટ ઉતાર્યા હોવાની ઘટના બની છે. આ ઘટના બનતા મૃતકના પરિવારમાં શોકનો માહોલ છવાયો છે. આ ઘટનાની જાણ થતાં જ તિલકવાડા પીઆઈ સોલંકી તથા તેમની ટીમ ભાદરવા ગામે ઘટના સ્થળ પર દોડી આવી તપાસ શરૂ કરી હતી અને ગણતરીના કલાકોમાં જ આરોપીને જેલ ભેગો કર્યો હતો.

સાપુતારા ઘાટમાં બારડોલીની કાર પલટી જતાં 7 ઈજાગ્રસ્ત

સાપુતારા : વણી ખાતે સપ્તશૃંગી માતાજીના દર્શન કરી બારડોલી પરત ફરી રહેલા પરિવારની ઇકો ગાડી નં. GJ-19-BA-4215ના ચાલકે બારખાંદિયા ફાટક નજીક અચાનક સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા ગાડી ઝાડ સાથે અથડાઈ પલ્ટી મારી ગઈ હતી. આ અકસ્માતમાં ગાડીમાં સવાર એક જ પરિવારના અંદાજે 7 જેટલા દર્શનાર્થીઓને શરીરના વિવિધ ભાગોમાં નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. ઘટના બાદ તાત્કાલિક 108



એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવતા તમામ ઈજાગ્રસ્તોને સારવાર માટે વઘઈ સી.એચ.સી ખાતે ખસેડવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. વઘઈ પોલીસે અકસ્માતનો ગુનો નોંધાઈ તપાસ શરૂ કરી છે.

Milano MULTIPLEX
બારડોલી
Dhurandhar
The Revenge
11:00am, 12:00pm,
01:00pm, 03:30pm,
04:30pm, 05:15pm,
08:00pm, 09:00pm,
09:30pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333